# રાજાની આળસ ઊડી ગઈ

રાજાની ઉમર આઠ વર્ષની હતી. તે પોતાની વાડીએ રહેતો. પણ એ એટલો બધો આળસુ હતો કે તેને નિશાળે જવુ ન ગમતુ કે વાડીમા કામ કરવાનુ પણ ન ગમતુ. એને બસ એક જ વસ્તુ ગમતી–સૂઈ રહેવાનુ !

રાજાના માતા–પિતા પણ તેનાથી કટાળી ગયા હતા. આળસના લીધે એ નિશાળે મોડો પહોચતો. લેસન સરખુ કરતો નહિ અને ભણવામા ધ્યાન ન દેતો. વાડીમા નાનુ–મોટુ કામ કરવાનુ હોય તો જેમ–તેમ અધૂરુ કામ કરીને છટકી જતો.

આવી આવળ કરવા છતા એનો કકળાટ તો ચાલુ જ રહેતો. એક દિવસ તે બડબડ કરતો હતો : ‘‘મારે આટલુ કામ કરવુ પડે છે ! ને કેટલુ ભણવુ પડે છે ! આની કરતા તો હુ કોઈક પ્રાણી હોત તો સારુ થાત ! પ્રાણીઓને તો મઝા જ મઝા ! નિશાળે પણ નહીં જવાનુ !’’

ત્યા જ એકાએક એક પરી ક્યાકથી આવીને એની સામે ઊભી રહી ગઈ. પરી બોલી : ‘‘રાજા, શુ ખરેખર તારે પ્રાણી બની જવુ છે ?’’ રાજા પહેલા તો ડરી ગયો, પણ પછી તેણે ખુશ થઈને હા પાડી.

પરી બોલી : ‘‘હુ તને એવી શક્તિ આપુ છુ કે તારે જે પ્રાણી બનવુ હોય તે બની શકાય. આખ બધ કરીને ઈચ્છા કરવાની; આખો ખોલીશ એટલે તુ પ્રાણી બની ગયો હશે !’’ આટલુ કહી પરી અદૃશ્ય થઈ ગઈ.

રાજાની ખુશીનો કોઈ પાર ન રહ્યો. વાડી પર જેટલી બિલાડી હતી તે બધી આખો દિવસ આરામ કર્યા કરતી. એટલે રાજાએ આખો બધ કરીને બિલાડી થઈ જવાનો વિચાર કર્યો.

જેવી રાજાની આખ ખૂલી ત્યા તો તે સાચે જ બિલાડી બની ગયો હતો ! ખુશ થઈને બોલ્યો : ‘‘મ્યાઉ!’’ અને પોતાની સુવાળી રુવાટીને ચાટવા લાગ્યો.

ત્યા ન અચાનક કઈક ભયકર અવાજ આવ્યો. રાજા ખૂબ ડરી ગયો, તેને ખબર ન પડી કે શુ કરવુ. ત્યા જ તેની પાસેથી એક બિલાડી ખૂબ ઝડપથી નીકળી અને દોડતા–દોડતા કહેતી ગઈ : ‘‘ભાગ, મૂરખ, નહીંતર કૂકૂરો ખાઈ જશે !’’

બિલાડી બનેલો રાજા તો જીવ લઈને ભાગ્યો. તે દિવસે તેની જેટલી ઝડપ હતી એવી તો કોઈ દિવસ નહોતી ! માડ માડ તે એક ખૂણામા સતાઈ ગયો અને વિચારવા લાગ્યો : ‘‘બિલાડી થવામા તો

કોઈ મઝા નથી. આ કરતા તો કૂકૂરો થાઉ તો ? કોઈ હેરાનગતિ નહીં.''આખો બધ કરી રાજાએ ઈચ્છા કરી અને જ્યા આખ ખોલી ત્યા તે કૂતરો બની ગયો હતો !

''હાશ ! હવે નિરાતે સૂવાશે.''કહીને ઝાડના છાયે લબાવ્યુ. ત્યા જ એને કોઈએ એક લાકડી ઠપકારી !''હટ.....આળસુ કૂતરા ! આખો દિવસ સૂઈ જ રહેવાનુ ? જા વાડીમા બધે આટા મારીને ચોકી કર.''



રાજાને આખો દિવસ તડકામા હાફતા–હાફતા વાડીની ચોકી કરવી પડી. સૂવા જાય ત્યા એક લાકડી પડે !

રાજા ખૂબ પસ્તાયો. પછી તેને થયુ : ''આ કરતા હુ ઘોડો બની જાઉ તો ? ઘોડો તો કેટલો મોટો ને તાકાતવાળો હોય છે ! એને કોણ મારે ?''

આમ રાજા હવે કૂતરામાથી ઘોડો બની ગયો. થોડી વાર તો સારુ રહ્યુ; પણ પછી માલિકને પીઠ પર બેસાડી લઈ જવા પડયા ત્યારે ભારે પડી ગયુ ! બધે દોડતા દોડતા જવુ પડય. ધીમો પડવા જાય ત્યા ચાબૂક તો હાજર જ હોય !

રાજાને હવે અક્કલ આવી અને આખ બધ કરીને તેણે ઈચ્છા કરી કે તે પાછો છોકરો થઈ જાય!

આખ ખૂલી ત્યા સામે પરી હાજર હતી. તે બોલી : ''કેમ રાજા? પ્રાણીઓને તો મઝા જ મઝા છે ને ?''

રાજા શરમાઈને બોલ્યો : ‘‘પરીબહેન! મને ખબર નહોતી કે બિચારા પ્રાણીઓની આવી દશા હોય છે. હવે હુ તેમનુ ખૂબ ધ્યાન રાખીશ. કોઈ દિવસ મારીશ નહીં. મારે તો છોકરો જ રહેવુ છે. હુ હવે કોઈ દિવસ આળસ નહીં કરુ. બધુ કામ અને લેસન હોશે હોશે કરીશ.’’

હવે રાજા સુધરી ગયો. નિશાળમા ધ્યાનથી ભણવા લાગ્યો. ઘરમા અને વાડીમા પણ ખૂબ કામ કરવા લાગ્યો. શિક્ષકો અને માતા–પિતા સૌ રાજાથી ખુશ ખુશ. કારણ કે હવે પેલી આળસ જતી રહી ને !

દોસ્તો, તમે આળસુ બનવા નથી માગતા ને ?

– ધીંગામસ્તીમાથી સાભાર

■